# ધનસુરામાં સ્વયંભુ શિવલીંગ ધરાવતુ દેવિયા મહાદેવનું મંદિર જીર્ણોદ્ધાર ઝંખે છે

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં પાંડવોના સમયનું અતિપ્રાચીન સ્વયંભુ શિવલીંગ ધરાવતા દેવિયા મહાદેવ મંદિર આવેલું છે. આ પ્રાચીન મંદિરનો આજદિન સુધી જીર્ણોદ્ધાર માટે કોઈ શિવભક્ત કે સંસ્થાઓ આગળ ન આવતા વિકાસથી અલીપ્ત આ મંદિરના વિકાસ માટે ગ્રામજનોએ હાંકલ કરી છે.




ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ દ્વારા આ મંદિરનો વિકાસ અને માહત્ય જળવાય તેવી ધનસુરાના શિવસંતોમાં ઉગ્ર માંગ ઉઠી છે.

દેવીયા મહાદેવ મુળ નિલકંઠ મહાદેવ તરીકે ઓળખાય છે. આ મંદિરમાં નવરાત્રી દરમ્યાન નવદુર્ગા પૂજા થતી હતી. ધનસુરા ગામની પશ્ચિમ દિશાએ એટલે હાલના જનતાનગર વિસ્તારમાં આ મંદિર આવેલું છે. જ્યાં પહેલા સજાપુર ગામ હતુ. કાળક્રમે સજાપુર તરીકે ઓળખાતા ગામ ઉપરથી ધનસુરા નામ પડ્યું. વર્ષો પહેલા ઉંદરીયો કાળ પડતા અહીના ગામલોકોએ ત્યાંથી સ્થળાંતર કરવું પડ્યું હતું. જેના લીધે તે સમયથી આજ સુધી આ મંદિરનો જીર્ણોદ્ધાર ન થતાં વિકાસથી વંચિત રહેલ આ દેવિયા મહાદેવ મંદિર જીર્ણોદ્ધાર ઝંખે છે.

અતિપ્રાચીન દેવીયા મહાદેવ મંદિર વર્ષો જુનુ હોવાના લીધે મંદિરના બાંધકામને ખુબ લાંબા સમય વિતી ગયો હોવાથી ધાબા ઉપરથી પાણી ટપકે છે. બધી રીતે મંદિરના પરીસરમાંથી પોપડા ઉખડવા લાગ્યા છે. મંદિરની મકાનની હાલત જર્જરીત હોવાથી ગામલોકોએ આ મંદિર મરામત માંગતું હોવાથી આ અતિપ્રાચીન દેવિયા મહાદેવ મંદિરમાં વિકાસ માટે હાંકલ કરી છે. અને શિવભક્તો દ્વારા આ મંદિરમાં દાનનો ધોધ વરસાવી મંદિરનો જીર્ણોદ્ધાર કરવા ગ્રામજનોએ હાંકલ કરી છે. ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ દ્વારા ગુજરાત રાજ્યનો ઈતિહાસ જાળવવા માટે ખુબ પ્રયત્નો કરી રહી છે. ત્યારે હિન્દુ ધર્મના આસ્થાના પ્રતિક એવા દેવીયા મહાદેવ મંદિરનો વિકાસ થાય તેવી લોકમાંગણી પ્રબળ બની છે.

**શિવભક્તોને આગળ આવવા ગ્રામજનોની હાંકલ**

## અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલયનું ગૌરવ

અંબાજી, તા. ૨૯

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી આયોજીત યુવક મહોત્સવ તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયો હતો. જેમાં અંબાજી સ્થિત સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં મેડલો પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

અમદાવાદ ખાતે તાજેતરમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા રાજયસ્તરનો યુવક મહોત્સવ યોજાયો હતો. રાજ્યસ્તરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ યુવક મહોત્સવમાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી મેડલો પ્રાપ્ત કર્યા હતા.

જેમાં યોગાસનમાં મેહુલ જોષીએ ગોલ્ડમેડલ, ૧૫૦૦મી દોડમાં મુકેશ મોઢે સિલ્વર મેડલ, ૨૦૦મી દોડમાં વિપુલ જોષીએ સ્લિવર, ફૂલરેકેટમાં સુનીલ જોષી અને વિનોદ શર્માએ બ્રોન્ઝ મેડલ સાથે સમાવેશ થાય છે.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ ટ્રસ્ટીમંડળ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# શણગાલ સીક્યુરીટી ગાર્ડની હત્યાનો ભેદ એલસીબીએ ઉકેલ્યો

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના શણગાલ ગામમાં દેનાબેંકના એ.ટી.એમ. મશીનમાં ફરજ બજાવતા સીક્યુરીટી ગાર્ડની ત્રણ મહિના અગાઉ એ.ટી.એમ. મશીનની રૂમમાંથી બોથડ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતા અરવલ્લી જિલ્લામાં ચકચાર મચી ગઈ હતી. હત્યારો મોબાઈલ અને સીસીટીવે કેમેરાનું એલસીડી મોનિટર ચોરી એટીએમ મશીનમાંથી રોકડ રકમ હાથ ન લાગતા ફરાર થઈ ગયો હતો. આ ચકચારી હત્યાના પગલે ઈશરી પોલીસે હત્યારાઓ સામે હત્યાનો ગુન્હો નોંધી એલસીબી પોલીસને તપાસ સોંપવામાં આવતા અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ૩ મહિના બાદ ગુન્હો ઉકેલી આરોપીને ઝડપી પાડી જેલના હવાલે ધકેલી દીધો હતો.



મેઘરજ તાલુકાના શણગાલ ગામે ગ્રામ પંચાયત કંપાઉન્ડમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દેનાબેંક એટીએમમાં સીક્યુરીટી તરીકે મેઘરજ તાલુકાના વલુણા ગામના હિરાભાઈ કાળાભાઈ ચમાર (ઉં.વ.૨૮) તા. ૩૧-૭-૨૦૧૫ના રોજ ફરજ પર હાજર હતા ત્યારે રાત્રીના સમયે અજાણ્યા ઈસમોએ સીક્યુરીટી ગાર્ડની લુંટના ઈરાદે તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી હત્યા કર્યા બાદ એટીએમ મશીનને તોડવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ રોકડ રકમ હાથ ન લાગતા એટીએમ રૂમમાંથી એલસીડી મોનીટર કિંમત રૂ. ૨૦૦૦ તથા મરણજનાર હિરાભાઈનો મોબાઈલ ૫૦૦ રૂ.નો તથા અન્ય એક મોબાઈલ ૫૦૦ રૂ. એટીએમ મશીનમાંથી ડીવીડી કિંમત રૂ. ૫૦૦ મળી કુલ ૩૫૦૦રૂ.નો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ ચકચારી એટીએમ ગાર્ડની હત્યાનો ગુન્હો ઈસરી પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ આરોપીઓને જબ્બે કરવા અરવલ્લી જિલ્લા પોલીસ વડાએ આ હત્યાનો ગુન્હો ઉકેલવા અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસને તપાસ સોંપી હતી.

અરવલ્લી જિલ્લાના એલસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી. બારોટ અને તેમની ટીમે આ ગુન્હો ઝડપી પાડવા ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરતાં ત્રણ મહિના પછી હત્યાનો આરોપી ડાહ્યાભાઈ ભીખાભાઈ પંચાલ (ઉં.વ. ૪૬) સુથારીકામ કરતા અને શણગાલના પટેલ-પંચાલ ફળીયામાં રહેતા આરોપીને દબોચી લઈ જેલના હવાલે ધકેલી દીધો હતો. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી. બારોટ દ્વારા હત્યારાને ઝડપી લેવાતા હત્યાનો ભોગ બનેલા પરિવારજનોએ હાંશકારો અનુભવ્યો હતો.

# પ્રાંતિજ તાલુકામાં ૭.૪૫ કરોડના રસ્તાના કામો મંજુર

**સ્થાનિક ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની રજુઆતો રંગ લાવી : સ્થાનિકોને નવીન રસ્તાઓની ભેટ મળશે**

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ તાલુકામાં સ્થાનિક ધારાસભ્યની વિધાનસભામાં સતત અને ધારદાર રજૂઆતોના લીધે પ્રાંતિજ તાલુકામાં રૂ. ૭.૪૫ કરોડના રસ્તાના કામો મંજુર કરવામાં આવ્યા છે. પરિણામે ગ્રામ્ય વિસ્તારમાં ખુશી અને આનંદ છવાયો હતો.

પ્રાંતિજ તાલુકામાં આવેલ ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયત હસ્તકના દસથી પણ વધારે ગામોમાં વરસાદને પગલે રસ્તાઓ સાવ બિસ્માર બની ગયા હતા. પરિણામે રાહદારીઓ અને વાહન ચાલકો પરેશાન થઈ ઉઠ્યા હતા. આ સંદર્ભે સ્થાનિકોએ સ્થાનિક પ્રતિનિધિ અને ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને લેખિતમાં રજૂઆતો કરી હતી.

જેથી ધારાસભ્યએ આ મુદ્દે વિધાનસભામાં સત્ર દરમ્યાન ધારદાર રજૂઆતો કરી હતી. આખરે ધારાસભ્યની રજૂઆત રંગ લાવતા માંગ મુજબના તમામ રસ્તાઓ તબક્કાવાર સિમેન્ટ કોંક્રીટના બનાવવા મંજુરી આપવામાં આવી છે. આથી સ્થાનિકોમાં ખુશીનો માહોલ છવાયો છે. પ્રાંતિજના મજરા-બોરીયા-સિતવાડા-પોયડા-ઈન્દ્રાજપુરા રોડનો ૨.૬૨ કિ.મી.નો માર્ગ માટે રૂ. ૧૧૦ લાખ, ખારી-અમરાપુર-જાલાની મુવાડી-બાલીસણા-બાઈનીમુવાડી-કેશરપુરાના ૮.૫ કિ.મી.ના માર્ગ માટે રૂ. ૨૧૫ લાખ, કાલીપુરથી લવારી સુધીનો ૪.૮૩ કિ.મી.ના માર્ગ માટે રૂ. ૧૬૦ લાખ, નવાવાસ-લાલાની મુવાડી સુધીનો ૪.૫૫ કિ.મી.નો માર્ગ માટે રૂ. ૧૩૦ લાખ તેમજ ખેરોલથી કરમીપુરા સુધીના ૫.૩૮ કિમીના માર્ગ માટે રૂ. ૧૩૦ લાખ મળી કુલ રૂ. ૭.૪૫ કરોડના ખર્ચે પાકા માર્ગો બનાવવામાં આવશે.





## ભેંસાવાડાના પ્રૌઢની હત્યાના ગુનામાં એક આરોપીની ધરપકડ

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ભેંસાવાડા ગામમાં બુધવારે સવારે ગ્રામના જ પ્રૌઢ ભરતભાઈ શામળભાઈ પટેલ (ઉં.વ. ૫૫)ના માથાના ભાગે બોથડ પદાર્થના ઘા ઝીંકીને હત્યા કરાયેલી લાશ ગામની સીમમાં આવેલા અવાવરૂ કુવાની નજીકથી મળી આવી હતી. ધનસુરા પોલીસે ભેંસાવાડા ગામના પ્રોઢની હત્યાના પગલે તાબડતોડ ઘટના સ્થળે પહોંચી હત્યાનો ગુન્હો ઉકેલવા એફએસએલ અને ડોગ સ્કવોડની મદદની ચજવીજ હાથ ધરી ધનસુરા પી.એસ.આઈ. પરમારે ગામના જ ઈસમની સંડોવણી હોવાની પ્રાથમિક તારણોના આધારે તપાસ હાથ ધરતાં ગણતરીના કલાકોમાં જ ગામના રહીશ અને પ્રોઢની હત્યામાં સંડોવાયેલા હિતેષ અરવિંદભાઈ બારોટને ઝડપી પાડી હત્યારાને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

## ડીસામાં સગીરા સાથે બળાત્કાર : ચાર વિરૂદ્ધ ઉત્તર પોલીસે નોંધી ફરીયાદ

ડીસા, તા. ૨૯

ડીસાના શહેરી વિસ્તારમાં રહેતી એક સગીરાને દોઢ માસથી પજવણી કરી, બ્લેકમેલ કરવાની ધમકી આપી એક ઈસમે પોતાના અન્ય ત્રણ મિત્રો સાથે રાખી યુવતી સાથે બળાત્કાર કર્યો હતો. જોકે પીડિત યુવતીએ આ મામલાની પોતાના પરિવારજનોને જાણ કરી હિંમત બતાવી ડીસા ઉત્તર પોલીસમાં ચારેય આરોપી વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે આ મામલાની તપાસ હાથ ધરેલ છે.

આ ઘટનાની મળતી વિગતો જોઈએ તો ડીસા શહેરી વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય સગીર યુવતીને છેલ્લા દોઢ માસથી રોનક રઘુરામ શાંખલાની છેડતી કરતો હતો અને આ સગીરાને તાબે થવા ધાકધમકી આપતો હતો. જોકે સગીરા ભયભીત બની હતી. જેથી આરોપી યુવક રોનકે તેના ભયનો લાભ બતાવી, સગીરાને સ્વસ્તિક સોસાયટી પાસે રોકી કહેલ કે 'તારી બહેનના વાંધાજનક ફોટા મારી પાસે છે જે હું તારા બનેવીને બતાવી દઈશ, તેમ કહી ધમકાવતા આ સગીરા ભયભીત બની તેની મોટર સાયકલ પર બેસતા આરોપી રોનક તેને તેના અન્ય મિત્રોની મદદથી ડીસાની બનાસ ગેસ્ટ હાઉસ નામની હોટલમાં લઈ ગયો હતો. જ્યાં તેને પોતાનું ઓલખ પત્ર આપી રૂમ નોંધાવી આ સગીરા સાથે પાશવી બળાત્કાર ગુજાર્યો હતો. જો કે આ કુકર્મમાં આરોપી રોનકના અન્ય મિત્રો હેપ્પી, વિક્કી અને સોમાભાઈએ પણ સાથ આપ્યો હતો. અને મદદગારી પુરી પાડી હતી. જેથી પીડિત સગીરાએ આ મામલે ડીસા ઉત્તર પોલીસમથકમાં આ ચારેય વિરૂદ્ધ ધોરણસરની ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે જાતીય સતામણી, બળાત્કાર અને સગીર બાળકો સાથે જાતીય અત્યાચારની કલમ 'પોક્સો' મુજબ ગુનો નોંધી આ કેસની તપાસ હાથ ધરી છે.

## હરિઓમ વિદ્યાલય મેઘરજનું ગૌરવ

ઈસરી, તા. ૨૯

અરવલ્લી જિલ્લા કક્ષાનો યુવા મહોત્સવ સી.જી. બુટાલા હાઈસ્કૂલમાં યોજાયેલ હતો. જેમાં શ્રી હરિઓમ વિદ્યાલય મેઘરજમાં આચાર્ય તરીકે ફરજ બજાવતા શ્રી ભાવેશકુમાર કીરીટસિંહ ચારણે દુહા છંદ તથા લોકવાર્તામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબર મેળવી સમગ્ર મેઘરજ તાલુકાનું ગૌરવ વધારેલ છે. જેથી શાળાના ટ્રસ્ટીબેન શ્રીમતી ભાનુબેન કે. તરાર, શાળાના સંચાલક શ્રી કનુભાઈ ડી. તરાળ, કેમ્પસ ડાયરેક્ટર શ્રી સુનિલકુમાર એ. વાળંદ તથા સમગ્ર સ્ટાફગણ તથા વિદ્યાર્થીગણે શુભેચ્છા પાઠવી હતી.

## ખેડબ્રહ્મા કોલેજમાં હોસ્પિટાલીટી મેનેજમેન્ટ કોર્સનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૯

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા અને ડિમ્સ ઈન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઈપક્રમે આયોજિત 'હોસ્પિટાલીટી મેનેજમેન્ટ કોર્સ'નો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે કોલેજના આચાર્ય એન.ડી. પટેલે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત તથા કાર્યક્રમની ભુમિકા સ્પષ્ટ કરી હતી. તેમજ હોસ્પિટાલીટી મેનેજમેન્ટ ફેકલ્ટી દ્વારા ભાગ લીધેલ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ એચ.વી. શાહ, ડિમ્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, ઉદ્‌ઘાટક જેઠાભાઈ પટેલ, મુખ્ય મહેમાનશ્રી જશુભાઈ પટેલ, અતિથિ વિશેષ શ્રી કેશરભાઈ ભીલ, શ્રી હરિહર પાઠક વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કોર્સ અંતર્ગત કુલ ૮૦ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજની કારકિર્દી માર્ગદર્શન સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મેઘરજ હરિઓમ વિદ્યાલયનો વિદ્યાર્થી નેશનલ કરાટેમાં ઝળક્યો

મેઘરજમાં માલપુર રોડ પર આવેલી શ્રી હરિઓમ વિદ્યાલયનો વિદ્યાર્થી શેખ આમીર હબીબભાઈ ધોરણ-૧૧ સાયન્સમાં અભ્યાસ કરે છે. આમીરને નાનપણથી જ કરાટેમાં ચેમ્પીયન બનવાની ધગશથી આગળ વધી રહ્યો હતો. મધ્યમવર્ગની પરિસ્થિતિ ધરાવતા આમીરના માતા-પિતાને તેને કરાટેમાં આગળ વધારવા



કમર તોડ મહેનત કરી રહ્યા છે. આમીરે રાજ્ય અને નેશનલ કરાટેની સ્પર્ધામાં ૩ સીલ્વર, ૭ ગોલ્ડ અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવી પરિવાર અને શાળાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિઓ હાંસલ કરવા બદલ શાળાના સંચાલક કનુભાઈ ડી. તરાળ, ટ્રસ્ટી ભાનુબેન તરાળ, કેમ્પસ ડાયરેક્ટર સુનિલ વાળંદ અને આચાર્ય ભાવેશ ગઢવીએ અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજમાં ખેતરવાળા મેલડી માતા મંદિરે પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ રેલવે સ્ટેશન ઉપર આવેલ શ્રી ખેતરવાળા મા મેલડી માતાજીનો તૃતીય પાટોત્સવ યોજાયો હતો. જેમાં દુરદુરથી માઈ ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ રેલવે ફાટક જીઈબી ઓફીસ પાછળ આવેલ મા ખેતરવાળી મેલડી માતાના મંદિર ખાતે તૃતીય પાટોત્સવ બે દિવસ યોજાયો હતો. જેમાં પ્રથમ દિવસે આવેલા મહંતશ્રીઓના સન્માન, માતાજીની શોભાયાત્રા તથા રાત્રીના ૯.૩૦ કલાકે લોકડાયરો યોજાયો હતો. જેમાં રાકેશ બારોટ, હિરલ રાવળ તેમજ સાથી કલાકારો દ્વારા ડાયરો જામ્યો હતો. ગુજરાતી ફિલ્મની હિરોઈન સ્નેહા દવે, સંજય ચૌહાણ તથા મેગા સ્ટાર અમિતાભ બચ્ચનના ડુબલીકેટ પણ માઈ ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

જયારે બીજા દિવસે મંગળવારના રોજ યજ્ઞ, પ્રાયશ્ચિત કર્મ, સ્થાપિત દેવોનું પૂજન, અગ્નિ સ્થાપન, મહાઅભિષેક, દેવી રાજોપચાર પૂજન, હોમ કર્મ સહિત



કાર્યક્રમો યોજાયા હતા. જયારે શ્રીફળ હોમ, મહાઆરતી, મહા પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા. જયારે મા ખેતરવાળી મા મેલડીના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. જયારે આ પ્રસંગે રસુલપુર મંદિરના મહંત ચંદ્રગીરીબાપુ, મહંત ગોસ્વામી ધનગીરીબાપુ, ગોસ્વામી મહેશગીરીબાપુ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જયારે શક્તિ ઉપાસક પંકજભાઈ રાવલ (જયમાડી) દ્વારા ઉપસ્થિત મહંતોનું સન્માન કરવામાં આવ્યું હતું. જયારે પ્રાંતિજ તથા ગુજરાતભરમાંથી માઈ ભક્તો માના પાટોત્સવમાં અમદાવાદ, બરોડા, આણંદ, મહેસાણા, સુરત, હિંમતનગર વગેરે જગ્યાએથી માઈ ભક્તો ઉમટી પડ્યા હતા.

# ગુજરાત ગ્રામીણ કક્ષાની મહિલા કબડ્ડી સ્પર્ધામાં અરવલ્લી જિલ્લાની ટીમ ચેમ્પીયન



મોડાસા, તા. ૨૯

ગુજરાત રાજ્યની ગ્રામીણ કક્ષાની ભાઈઓ અને બહેનોની કબડ્ડીની સ્પર્ધા તાજેતરમાં અમરેલી જિલ્લાના વડિયા મુકામે યોજાઈ હતી. સમગ્ર રાજ્યમાંથી બહેનોની કબડ્ડી સ્પર્ધા કુલ બત્રીસ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં અરવલ્લી જિલ્લાની બહેનોન ટીમે મોરબી, અમદાવાદ ગ્રામ્ય ભરૂચ, બનાસકાંઠા અને મહેસાણા એમ પાંચ જિલ્લાની ટીમોને પરાસ્ત કરી પ્રથમ નંબરે વિજેતા બની સમગ્ર ગુજરાત રાજ્યમાં અરવલ્લી જિલ્લાનું નામ રોશન કર્યુંહતું. રાજ્યની ટીમમાં વિજેતા બનનાર ખેલાડીઓની નેશનલ કક્ષાએ પણ પસંદગી કરવામાં આવેલ છે. જે આવનાર દિવસોમાં વધુ તાલીમ અર્થે કેમ્પમાં જનાર છે. જ્યારે ભાઈઓની ગ્રામીણ કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં અરવલ્લી જિલ્લાના ભાઈઓએ મેદાન મારી રાજ્યમાં બીજા નંબરે વિજયી બન્યા હતા. આ બન્ને ટીમોને તથા બહેનોની ટીમના મેનેજર એવા શ્રી ગંગારામ વિદ્યાલય ખંભીસરના શિક્ષક વી.એમ. પ્રજાપતિ અને ભાઈઓની ટીમના મેનેજરને અરવલ્લી જિલ્લા રમતગમત અધિકારી રાવલ, એ.પી.ઓ. ગામીની તેમજ ગંગાનાથ વિદ્યાલય ખંભીસરના આચાર્યએ અભિનંદન પાઠવ્યા હતા.

# સીવીએમ સંચાલિત સેરલિપમાં પીએચ.ડી.નાં શોધાર્થીઓની દ્વિદિવસીય કાર્યશાળા યોજાઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપના ઉપક્રમે પીએચ.ડી.નાં શોધાર્થીઓ માટે દ્વિદિવસીય સંશોધન કાર્યશાળા ગુરુવાર, ૨૯ ઑક્ટોબરે સંપન્ન થઈ હતી. ગોધરા કૉલેજના આચાર્ય રહેલા સંશોધનવિદ પ્રિ.બી.એન.ગાંધીએ બંને દિવસ નિષ્ણાત તરીકે સેવાઓ આપી હતી અને મહાશોધનિબંધ તથા સંશોધનની પદ્ધતિઓ વિશે ઈતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને સમાજશાસ્ત્રમાં પીએચ.ડી. કરનારાં શોધાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું. સૅરલિપના નિયામક ડૉ. હરિ દેસાઈના નેજા હેઠળ આયોજિત આ કાર્યશાળાના પ્રારંભમાં સૅરલિપનાં અધ્યાપિકા ડૉ.પારુલટીના દોશીએ વિષયની માંડણી કરીને પ્રિ.ગાંધીનો પરિચય આપ્યો હતો.